ક્રમાંક: ઉક/લાર્જ-પ્રોત્સા/CIS/ ૧૪૧૧૦૧૦
ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં ૧ અને ૨, ઉદ્યોગ ભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર
તા.૦૪/૦૬/૨૦૨૨

વંચાણે લીધા:

(1) Government Resolution No: MIS-102020-327024-I, Dated. 01/09/2020
(2) Government Resolution No: MIS-102020-347965-I, Dated.02/11/2020

**પરિપત્ર:**

Scheme for Capital Subsidy to Large Industries and Thrust Sector અંતર્ગત ગાઇડલાઇન પ્રસિધ્ધ કરવા બાબત

રાજ્ય સરકારશ્રી દ્વારા વંચાણે લીધેલ (૧) અને (૨) થી Scheme for Capital Subsidy to Large Industries and Thrust Sector જાહેર કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ ઠરાવની જોગવાઇ મુજબ જરૂરી માર્ગદર્શક ગાઇડલાઇન ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા ઇસ્યુ કરવાની થાય છે. જે અંતર્ગત તૈયાર કરેલ ગાઇડલાઇન આ સાથે બિડાણે રાખેલ છે. જે મુજબ એકમની અરજીઓની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત ઉદ્યોગ કમિશનર (લાર્જ-પ્રોત્સા)

બિડાણ: ગાઇડલાઇન (પાના નં ૧ થી ૧૮)

પ્રતિ,
જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, તમામ....... ઇ-મેઇલ મારફત
(જિલ્લા કક્ષાએ યોજાતા સેમીનાર વર્કશોપમાં સદર યોજનાના પ્રચાર પ્રસાર અર્થે)

**નકલ રવાના:**

નાયબ નિયામકશ્રી (આંકડા), વડી કચેરી, ગાંધીનગર
(કચેરીની વેબસાઇટ પર Scheme for Capital Subsidy to Large Industries and Thrust Sector હેઠળ અપલોડ કરવા અર્થે)

**નકલ સવિનય રવાના:**

માન.ઉદ્યોગ કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, વડી કચેરી, ગાંધીનગર

# GUIDELINES

**Scheme for Capital Subsidy to Large Industries and Thrust Sector**

Government Resolution No - MIS-102020-327024-I dt.01/09/2020

Operative Period – Dt.07.08.2020 to 06.08.2025

## યોજના હેઠળની વિગતવાર માર્ગદર્શિકા -

ઔદ્યોગિક નીતિ – ૨૦૨૦ હેઠળ "Scheme for Capital Subsidy to Large Industries" ની યોજના જાહેર કરવામાં આવેલ છે. જે તા.૦૭.૦૮.૨૦૨૦થી અમલમાં આવેલ છે તથા યોજનાનો કાર્યકારી સમયગાળો પાંચ વર્ષ એટલે કે, તા.૦૬.૦૮.૨૦૨૫ સુધીનો છે.

1. પાત્રતાના ધોરણ -
    - ઠરાવની જોગવાઇઓ મુજબ

2. સહાયનુ ધોરણ -
    - ઠરાવની જોગવાઇઓ મુજબ

3. માન્ય મૂડીરોકાણ માટે ધ્યાને લેવા પાત્ર સમયગાળો -
    - ઠરાવની જોગવાઇઓ મુજબ

4. **યોજના હેઠળ અરજી કરવાની કાર્યપદ્ધતિ -**

યોજના હેઠળ પાત્ર એકમોની અરજીઓ મંજૂર કરવા માટે નીચે જણાવ્યા પ્રમાણેની પદ્ધતિ નક્કી કરવામાં આવેલ છે.

| Process | Process Flow | | | |
|---|---|---|---|---|
| | Step 1 | Step 2 | Step 3 | Step 4 |
| **A. Registration** | | | | |
| **B. Provisional Eligibility Certificate** | | | | |
| **C. Final Eligibility Certificate** | | | | |
| **D. Claim** | | | | |

## A. REGISTRATION (નોંધણી) માટેની કાર્યપદ્ધતિ -

1. યોજના હેઠળ સહાય મેળવવા માટે એકમે સૌપ્રથમ નોંધણી પ્રમાણપત્ર મેળવવુ ફરજિયાત છે અને તે માટે એકમે ઉત્પાદનમાં આવ્યા પહેલા અથવા વાણિજ્યિક ઉત્પાદનની તારીખથી મોડામાં મોડી ૧(એક) વર્ષમાં અરજી કરવાની રહે છે.
2. નોંધણી માટેની અરજી ફક્ત ઓનલાઇન માધ્યમથી www.ifp.gujarat.gov.in વેબસાઇટ મારફત જ સ્વીકરવામાં આવશે.
3. નોંધણી (Registration) માટે એકમની અરજી નિયત સમયમાં થયેલ ન હોય તેવા એકમો સહાયપાત્ર બનશે નહી, વિશેષમાં આવા એકમોની અરજી IFP પોર્ટલ પર ઓનલાઇન સ્વીકારવામાં આવશે નહી.
4. એકમની ઓનલાઇન મળેલ અરજીની ઠરાવની જોગવાઇઓ મુજબ (દસ્તાવેજોની જરૂરી ચકાસણી કરી) નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવશે.
   i. MSME અને રૂ.૧000 કરોડ સુધીના મૂડીરોકાણ ધરાવતી અરજી ઉદ્યોગ કમિશ્નરશ્રીને રજૂ કરી, મંજૂરી મેળવવામાં આવશે.
   ii. રૂ.૧000 કરોડથી વધુના મૂડીરોકાણ ધરાવતી અરજી ઉદ્યોગ કમિશ્નરશ્રી મારફત અગ્ર સચિવશ્રી / અધિક મુખ્ય સચિવશ્રી (ઉદ્યોગ) ને રજૂ કરી, મંજૂરી મેળવવામાં આવશે.
   iii. ઉક્ત બંને કીસ્સામાં મંજૂરી મળ્યા બાદ ત્રણ Working દિવસોમાં ઉદ્યોગ કમિશ્નરશ્રી કક્ષાએથી નોંધણી પ્રમાણપત્ર (Registration Certificate) ઇસ્યુ કરવામાં આવશે.
   iv. એકમે અરજી સાથે નીચે જણાવેલ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે

| No. | Particulars |
|---|---|
| 1. | Application form for Registration duly filled, stamped and signed by authorized signatory. |
| 2. | Constitution of Enterprise<br><br>Copy of the Company Incorporation Certificate, Memorandum of Article of Association / Copy of Partnership deed (Firm Registration) / Agreement of LLP |
| 3. | Copy of applicable industrial registration certificate<br><br>(EM-II Registration or Udyog Aadhaar Memorandum / Udyam Registration / IEM Part - A / LOP Registration etc.) |
| 4. | Notarized Affidavit for non availment of incentive under any other state government scheme (The affidavit should be made by authorized person from partners / person authorized y board of directors) |
| 5. | Document related to legal possession of land.<br>Registered purchase deed OR Rent deed OR A copy of Allotment/Possession letter if the plot or shed is in GIDC estate. |
| 6. | Non-agriculture permission from competent authority for industrial use |

| | |
|---|---|
| 7. | Copy of First Sale Bill<br>(If production has already been commenced for project) |
| 8. | Consent to Establish from GPCB (If applicable) |
| 9. | Detailed Project Report (DPR)<br><br>DPR should contain at-least<br>- Overview of the Project,<br>- Product Details and Capacity for the items to be manufactured,<br>- Description of Manufacturing Process,<br>- Project Cost and Means of Finance etc. |
| 10. | CA Certificate showing Gross Block Details before the date of initiating expansion project (in prescribed format) (in case of Expansion/ Diversification) |
| 11. | Chartered Engineer certificate regarding utilization of existing installed capacity of the preceding three financial years from the year in which initiating the expansion project. (in prescribed format) (in case of Expansion) |

5. જે એકમોની અરજી કોઇપણ કારણોસર ના-મંજૂર થશે, તેવા એકમો પુનઃ અરજી કરી શકશે.
6. એકમને ફક્ત નોંધણી પ્રમાણપત્ર મળ્યેથી એકમ યોજના હેઠળ સહાય મેળવવાને પાત્ર થશે નહી. પરંતુ યોજનાના ઠરાવની અન્ય શરતોનુ પણ પાલન કરવાનુ રહેશે.

## B. PROVISIONAL ELIGIBILITY CERTIFICATE (PEC) –

1. Provisional Eligibility Certificate માટેની અરજી ફક્ત ઓનલાઇન માધ્યમથી www.ifp.gujarat.gov.in વેબસાઇટ મારફત જ સ્વીકરવામાં આવશે.
2. નોંધણી મેળવેલ એકમ ઉત્પાદનમાં આવ્યેથી, ઉત્પાદનની તારીખ અથવા નોંધણી પ્રમાણપત્ર (Registration Certificate) ઇસ્યુ થયાની તારીખ પૈકીની જે મોડી હોય તે તારીખથી ૧(એક) વર્ષમાં Provisional Eligibility Certificate માટે અરજી કરી શકશે.
3. Provisional Eligibility Certificate માટે નિયત સમયમર્યાદા બાદ અરજી કરી શકાશે નહી. તેમજ નિયત સમયમર્યાદા બાદ Provisional Eligibility માટે એકમની અરજી IFP પોર્ટલ પર ઓનલાઇન સ્વીકારવામાં આવશે નહી.
4. પરંતુ, આ પ્રકારના કીસ્સામાં, એટલે કે એકમ મુદ્દા-(૨) મુજબની નિયત સમય મર્યાદામાં અરજી કરવાનુ ચૂકે, તો એકમે પ્રોજેક્ટ પૂર્ણ થયેથી સીધા Final Eligibility Certificate મેળવવા માટે અરજી કરવાની રહેશે.
5. Provisional Eligibility Certificate માટેની અરજી સમયે એકમે ઉત્પાદનની તારીખ સુધીમાં વસાવેલ તથા ચૂકવણી કરેલ સ્થાયી અસકયામતોની કિંમત ધ્યાને લેવાની રહેશે. જે માટે એકમે નીચે મુજબના દસ્તાવેજી પૂરાવા રજૂ કરવાના રહેશે.

| No. | Particulars |
|---|---|
| 1. | Application form for Provisional Eligibility duly filled, stamped and signed by authorized signatory. |
| 2. | Copy of Registration Certificate issued under the Scheme |
| 3. | Copy of applicable industrial registration certificate (EM-II Registration /Udyog Aadhaar Memorandum / Udyam Registration with DoCP / IEM Part - B / LOP etc.) |
| 4. | Copy of Consent to Operate (CTO) from G.P.C.B. (If applicable) |
| 5. | Sanction Letter of Term Loan from Bank / Financial Institution if any |
| 6. | Chartered Accountant Certificate / Statutory Auditory Certificate for Fixed Capital Investment up to Date of Commencement of Commercial Production (In prescribed format) |
| 7. | Detailed Expenditure Statement for Project up to Date of Commencement of Commercial Production (In prescribed format) |
| 8. | In case of self-fabricated machines, machine wise valuation Certificate of Chartered Engineer (Mechanical) (In prescribed format) |
| 9. | In case of imported second hand Plant & Machineries, certificate of residual life of machinery imported from Chartered Engineer. |
| 10. | Certificate of Chartered Engineer (Civil) for Civil Works up to Date of Commencement of Commercial Production (In prescribed format) |
| 11. | Copy of agreement for Technical knowhow, Design, Drawings and Patent (if applicable) |

| | |
|---|---|
| 12. | Affidavit in prescribed format for local employment, Govt. dues / outstanding, court case against Govt. (In prescribed format) |
| 13. | Copy of First Sale Bill |
| 14. | Copy of Approved Building Plan |

6. એકમની ઓનલાઇન મળેલ અરજીની ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર કક્ષાએથી જરૂરી ચકાસણી કરી, રજૂ થયેલ દસ્તાવેજી પૂરાવાઓને ધ્યાનમાં રાખી ઉત્પાદનની તારીખ સુધીના માન્ય મૂડીરોકાણના ૫૦% ધ્યાને લઇ, એકમના પ્રોજેક્ટના સ્થળના તાલુકાની કેટેગરી તથા ઉત્પાદન પ્રવૃત્તિના સેક્ટર પ્રમાણે ૪% થી ૧૨% મુજબ **Provisional Eligibility** ની રકમ નક્કી કરવામાં આવશે.
7. Provisional Eligibility ની રકમના પ્રતિ વર્ષ ૧૦(દસ)મા ભાગ મુજબની સહાય મેળવવા નિયત નમૂનામાં દાવાપત્રક રજૂ કરવાનુ રહેશે.

## C. FINAL ELIGIBILITY CERTIFICATE (FEC) –

1. Final Eligibility Certificate મેળવવા માટે અરજી કરવી દરેક એકમ માટે ફરજીયાત છે. તેમજ નિયત સમયમર્યાદામાં જો એકમ Final Eligibility Certificate મેળવવા માટે અરજી કરશે નહી, તો એકમને Provisional Eligibility હેઠળ સહાય મળી રહેલ હશે તો Provisional Eligibility હેઠળ મંજૂર કરેલ રકમ, જ્યા સુધી FEC માટેની અરજી મળશે નહી, ત્યા સુધી ચૂકવવામાં આવશે નહી. (કામચલાઉ સ્થગિત કરવામાં આવશે)
2. એકમ દ્વારા પ્રોજેક્ટ પૂર્ણ થયેથી, યોજના હેઠળ આપવામાં આવેલ ઉત્પાદનની તારીખથી નીચેના કોષ્ટકમાં દર્શાવેલ મૂડીરોકાણના સમયગાળો પૂર્ણ થયાની તારીખથી મોડામાં મોડી ૧(એક) વર્ષમાં Final Eligibility Certificate મેળવવા માટે અરજી કરવાની રહેશે.

| MSME પ્રોજેક્ટ | ઉત્પાદનની તારીખથી ૧૨ માસ |
|---|---|
| ૧000 કરોડ સુધીનુ ગ્રોસ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ | ઉત્પાદનની તારીખથી ૧૮ માસ |
| ૫000 કરોડ સુધીનુ ગ્રોસ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ | ઉત્પાદનની તારીખથી ૨૪ માસ |
| ૧0,000 કરોડ સુધીનુ ગ્રોસ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ | ઉત્પાદનની તારીખથી 30 માસ |
| ૧0,000 કરોડથી વધુનુ ગ્રોસ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ | ઉત્પાદનની તારીખથી 3૬ માસ |

3. Final Eligibility Certificate માટેની અરજી ઓનલાઇન માધ્યમથી www.ifp.gujarat.gov.in વેબસાઇટ મારફત સ્વીકારવામાં આવશે તેમજ આ મુજબ થયેલ અરજીની એક પ્રમણિત હાર્ડ કોપી નકલ પણ સંયુક્ત ઉદ્યોગ કમિશ્નરશ્રી (લાર્જ - પ્રોત્સાહન), ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગરને રજૂ કરવાની રહેશે. એકમે અરજી સાથે નીચે મુજબના દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.

| No. | Particulars |
|---|---|
| 1. | Application form for Registration duly filled, stamped and signed by authorized signatory. |
| 2. | Copy of Registration Certificate issued under the Scheme |
| 3. | Copy of Provisional Eligibility Certificate issued under the Scheme |
| 4. | Copy of applicable industrial registration certificate (Udyam Registration / IEM Part - B / LOP etc.) |
| 5. | Copy of Consent to Operate (CTO) from G.P.C.B. (If applicable) |
| 6. | Sanction Letter of Term Loan from Bank / Financial Institution if any |
| 7. | Appraisal Report from Bank/ Financial Institutes ( If applicable) |
| 8. | Project Completion Certificate from Financial Institute and Project Completion Certificate from authorized person, in case of self-finance. (In prescribed format) |

| | |
|---|---|
| 9. | Statutory Auditor Certificate for Fixed Capital Investment (In prescribed format) |
| 10. | Chartered Engineer's Certificate for Installed Capacity (In prescribed format) |
| 11. | Detailed Expenditure Statement for Project (In prescribed format) |
| 12. | In case of self-fabricated machines, machine wise valuation Certificate of Chartered Engineer (Mechanical) (In prescribed format) |
| 13. | In case of imported second hand Plant & Machineries, certificate of residual life from Chartered Engineer. |
| 14. | Certificate of Chartered Engineer (Civil) for Civil Works (In prescribed format) |
| 15. | Copy of agreement for Technical knowhow, Design, Drawings and Patent(if applicable) |
| 16. | Affidavit in prescribed format for local employment, Govt. dues / outstanding, court case against Govt. (In prescribed format) |
| 17. | Copy of First Sale Bill for the project |
| 18. | Audited Balance Sheet (For all the financial years from the initiation of the project ) |
| 19. | Chartered Engineer's Certificate for Installed Capacity as well Utilization of Existing Capacity for Last Three Years from DoCP. in case of Expansion (In prescribed format) |
| 20. | Copy of Approved Building Plan |
| 21. | Attendance Register of Employees |
| 22. | Employment Statement (In prescribed format) |

4. Online અરજી તથા હાર્ડ કોપીની અરજીના કીસ્સામાં સમયમર્યાદા નક્કી કરવા અર્થે પ્રથમ મળેલ અરજીની તારીખ ધ્યાને લેવામાં આવશે.

5. સ્પષ્ટતા –

   i. મોડી મળેલ અરજી (Late Submission) –

   એકમ દ્વારા મુદ્દા – (૧) માં દર્શાવેલ Final Eligibility માટે અરજી કરવાનો નિયત સમય એટલે કે મૂડીરોકાણના સમયગાળો પૂર્ણ થયાની તારીખથી એક વર્ષ બાદ મળેલ અરજી મોડી મળેલ અરજી (Late Submission) ગણાશે.

   ii. મોડી અરજીનો સમયગાળો (Delayed Period) –

   એકમની અરજી ઉક્ત(i) માં દર્શાવેલ તારીખ બાદ મળેલ હોય તો, એકમનો મોડી અરજીનો સમયગાળો એકમની વાણિજ્યિક ઉત્પાદનની તારીખથી એકમની અરજી ખરેખર કચેરીને મળે તે તારીખ સુધીના કુલ દિવસોનો રહેશે.

6. નિયત સમયમર્યાદા બાદ મળેલ અરજીના કીસ્સામાં એકમને મળવાપાત્ર સહાય તથા સહાયનો સમયગાળો અરજી કરવા માટે લીધેલ નિયત સમય બાદના વધારાના સમયના અનુપાતમાં ઘટશે. એટલે કે, એકમે વાણિજ્યિક ઉત્પાદન તારીખથી જેટલી મોડી અરજી કરશે તેટલો સમયગાળો અને સહાયની રકમ કાપવામાં આવશે.

7. એકમે પ્રોજેક્ટ પૂર્ણ કર્યા તારીખ સુધીમાં કરેલ ખરેખર મૂડીરોકાણને ધ્યાનમાં રાખી એકમને મૂડીરોકાણ કરવા માટે કેટલો સમયગાળો મળવાપાત્ર છે તે નક્કી કરવામાં આવશે.

દાખલા તરીકે –

- મે. XYZ નામે MSME એકમ તા.૦૧/૦૧/૨૦૨૧ના રોજ વાણિજ્યિક ઉત્પાદન ચાલુ કરે છે.
- આ એકમે વાણિજ્યિક ઉત્પાદનથી વધુ ૧૨ માસ એટલે કે તા.૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં કરેલ મૂડીરોકાણ માન્ય રાખવાપાત્ર છે.
- એકમે Final Eligibility માટે તા.૩૧/૦૧/૨૦૨૧ થી એક વર્ષ એટલે કે તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીમાં અરજી કરવાની રહે છે.
- હવે, એકમ ખરેખરમાં અરજી તા. ૦૧/૦૧/૨૦૨૪ નો રોજ કરે છે.
- આમ, એકમની અરજી મોડી મળેલ અરજી (Late Submission) ગણાય.
- એકમનો મોડી અરજીનો સમયગાળો (Delayed Period) ઉત્પાદનની તારીખ – ૦૧/૦૧/૨૦૨૧ થી તા.૦૧/૦૧/૨૦૨૪ની વચ્ચેનો સમયગાળો થાય એટલે કે ૩ વર્ષ (૧૦૯૫ દિવસ) ગણવામાં આવશે
- એકમનો કુલ મળવાપાત્ર સહાય ૧૦ વર્ષમાં સમાન હપ્તામાં ચુકવવાની થતી હોઇ એકમને ૧૦ વર્ષ પૈકીના છેલ્લા ૩ વર્ષ એકમને સહાય મળવાપાત્ર થશે નહી. (સદર કીસ્સામાં એકમને માન્ય રાખેલ કુલ સહાયના ૧૦ મા ભાગની સહાય પ્રતિ વર્ષ તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૭ (૭ વર્ષ) સુધી મળી શકશે
- વધુમાં અહી એકમે તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી Final Eligibility માટે અરજી કરવાની રહેતી હતી, જેથી તા.૦૧/૦૧/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૨ દરમિયાનમાં જો એકમને Provisional Eligibility મુજબ સહાય મળી રહેલ હોય તો, આ તારીખે પણ Final Eligibility માટે અરજી મળેલ ન હોઇ, આ માટેની અરજી મળે ત્યા સુધી (સદર કીસ્સામાં તા.૦૧/૦૧/૨૦૨૪ સુધી) Provisional Eligibility ના આધારેના સહાયની ચૂકવણી સ્થગીત કરવાની રહેશે.

8. એકમની મળેલ અરજી, ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર કક્ષાએથી પ્રાથમિક ચકાસણી કરી, માન. ઉદ્યોગ કમિશ્નરશ્રીની મંજૂરીથી ગઠીત થયેલ વડી કચેરી અને/અથવા જિલ્લા ઉદ્યોગ કેંદ્રના અધિકારી/કર્મચારીઓની સંયુક્ત ટીમને એસેટ વેરીફીકેશન અર્થે સોંપવામાં આવશે.

9. એસેટ વેરીફીકેશન ટીમ નિયત સમયમાં એકમની સ્થળ મુલાકાત લઇ, એકમ દ્વારા માન્ય સમયગાળામાં ખરેખર વસાવેલ અને ચુકવણી થયેલ સ્થાયી અસ્કયામતોની ઠરાવની જોગવાઇ મુજબ ચકાસણી કરશે, તથા તે અંગેનો એસેટ વેરીફીકેશન રીપોર્ટ સુપરત કરશે.

10. એસેટ વેરીફીકેશન રીપોર્ટ યોજના હેઠળના વખતો વખતના ઠરાવથી ગઠીત થયેલ Sanctioning Authority સમક્ષ રજૂ કરવામાં આવશે.

11. Sanctioning Authority દ્વારા એસેટ વેરીફીકેશન રીપોર્ટને ધ્યાને લઇ Final Eligibility નક્કી કરવામાં આવશે. નક્કી થયેલ Final Eligibility મુજબ ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા Final Eligibility Certificate ઇસ્યુ કરવામાં આવશે.

## D. CLAIM

1. યોજના હેઠળ Provisional Eligibility અને/અથવા Final Eligibility Certificate મેળવેલ એકમ વાણિજ્યિક ઉત્પાદનની તારીખથી દર ૬(છ) માસ ના સમયગાળા માટે દાવા અરજી રજૂ કરી શકશે.
2. ક્લેઇમ માટેની અરજી ઓનલાઇન માધ્યમથી www.ifp.gujarat.gov.in વેબસાઇટ મારફત સ્વીકરવામાં આવશે. તેમજ આ મુજબ થયેલ અરજીની એક પ્રમાણિત હાર્ડ કોપી નકલ પણ સંયુક્ત ઉદ્યોગ કમિશ્નરશ્રી (લાર્જ - પ્રોત્સાહન), ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગરને રજૂ કરવાની રહેશે. પ્રમાણિત હાર્ડ કોપી નકલ રજૂ થયેથી જ એકમની અરજીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
3. એકમે અરજી સાથે દાવાના સમયગાળા માટેના જરૂરી ફરજિયાત દસ્તાવેજો (Mandatory Documents) રજૂ કરવાના રહેશે.
4. ઠરાવની જોગવાઇ 8.(b) મુજબ, જો એકમે Provisional Eligibility Certificate ના આધારે સહાય મેળવેલ હશે તો, Final Eligibility Certificate ઇસ્યુ થયા બાદ એકમને Provisional Eligibility ના આધારે મળેલ સહાય Re-schedule / Re-structure કરવામાં આવશે તથા Provisional Eligibility અને Final Eligibility ની તફાવતની રકમ સહાયના બાકી રહેલ વર્ષમાં સરભર કરવામાં આવશે. (પરીશિષ્ટ – ૨ માં દર્શાવેલ ઉદાહરણ – ૧ થી ૫ મુજબ)
5. એકમની દાવાપત્રકની અરજીઓ અન્વયે પ્રતિ વર્ષે એકવાર જિ.ઉ.કે. અથવા ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી કક્ષાએથી સ્થળ મુલાકાત લેવામાં આવશે.
6. એકમને મળવાપાત્ર સહાય વાર્ષિક રૂ.૪૦ કરોડથી વધે નહી તે રીતે વાણિજ્યિક ઉત્પાદનની તારીખથી દસ વર્ષ સુધી સમાન વાર્ષિક હપ્તામાં મળવાપાત્ર રહેશે.
   (પરીશિષ્ટ – ૨ - ઉદાહરણ ૧ અને ૨)
7. વાર્ષિક રૂ.૪૦ કરોડની મર્યાદાના કારણે કોઇ એકમને ૧૦ વર્ષમાં કુલ મળવાપાત્ર સહાયની ચૂકવણી કરી શકાય તેમ ન હોય, તો આવા એકમ માટે સહાયનો સમયાગાળો વધુ ૧૦(દસ) વર્ષ સુધી વધારી શકાશે. આ વધારેલ સમયગાળા માટે વાર્ષિક સહાયની મર્યાદા રૂ.૪૦ કરોડની જ રહેશે.
   (પરીશિષ્ટ – ૨ - ઉદાહરણ ૩)
8. કોઇ કીસ્સામાં, કુલ મળવાપાત્ર સહાયની ચૂકવણી વાર્ષિક રૂ.૪૦ કરોડની મર્યાદાના કારણે ૨૦ વર્ષમાં પણ થઇ શકે તેમ ન હોય તો, મળવાપાત્ર સહાય ૨૦ વર્ષના સમાન હપ્તામાં વાર્ષિક મહત્તમ મર્યાદા ધ્યાને લીધા વિના ચૂકવવાની રહેશે.
   (પરીશિષ્ટ – ૨ – ઉદાહરણ ૪)
9. એકમને સહાયની રકમની ચૂકવણી એકમની દાવા અરજી મંજૂર થયા બાદ સરકારશ્રી તરફથી ગ્રાંટ ઉપલબ્ધ થયેથી કરવામાં આવશે.

## 5. માન્ય સ્થાયી મૂડીરોકાણ -

યોજના હેઠળ માન્ય સ્થાયી મૂડીરોકાણ નક્કી કરવા માટે મૂળ ઠરાવના પારા – 1. (xiii) ની જોગવાઇઓ ધ્યાને લેવાની રહેશે. આ બાબતે નીચે મુજબની સ્પષ્ટતાઓ ધ્યાને લેવાની રહેશે.

4.1 New Building -

i. નવી કન્સ્ટ્રક્ટ કરવામાં આવેલ કે એકમ દ્વારા સંપાદિત કરેલ નવી વણવપરાયેલ બિલ્ડીંગને નવી બિલ્ડીંગ તરીકે ગણવામાં આવશે. જેમાં એડમીન બિલ્ડીંગનો સમાવેશ થશે.

ii. ભાડેથી રાખેલ બિલ્ડીંગ માન્ય મૂડીરોકાણ તરીકે ધ્યાને લેવાપાત્ર રહેશે નહી, પરંતુ GIDC દ્વારા Lease પરચેઝ / હપ્તાથી શેડ ખરીદેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે.

iii. જૂના બિલ્ડીંગના સંપાદન અથવા બિલ્ડીંગના રીપેરીંગ માતે થયેલ ખર્ચ માન્ય મૂડીરોકાણ તરીકે ધ્યાને લેવાપાત્ર નથી.

4.2 Plant and Machinery -

i. પ્લાન્ટ અને મશીનરી તરીકે યોજનાના મૂળ ઠરાવના પારા 1.(xiii).C. ની જોગવાઇઓ ધ્યાને લેવાના રહેશે. જેમાં નીચે મુજબની સ્પષ્ટતાઓ પણ ધ્યાને લેવાની રહેશે.

ii. એકમ દ્વારા વસાવેલ નવા પ્લાન્ટ અને મશીનરી તથા આયાત કરેલ સેકન્ડ હેન્ડ પ્લાન્ટ અને મશીનરી કે જેની ૧૦ વર્ષથી વધુની Usable Life હોય અને તે ચાર્ટરડ એંજિનિયર દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ હોય, તેને પ્લાન્ટ અને મશીનરી ગણવામાં આવશે.

iii. આ ઉપરાંત પ્લાન્ટ અને મશીનરી હેડ હેઠળ Capitalize થયેલ યુટીલીટી, ડાય અને મોલ્ડ, ટ્રાંસપોર્ટેશનના ખર્ચ, ફાઉન્ડેશન, ઇરેક્શન, ઇન્સ્ટોલેશન અને ઇલેક્ટ્રીફીકેશનને પણ પ્લાન્ટ અને મશીનરી ગણવામાં આવશે.

iv. એકમ દ્વારા વસાવેલ સબ-સ્ટેશનના ખર્ચ તથા ઇન્સ્ટોલ થયેલ ટ્રાન્સફોર્મરના ખર્ચ ઇલેક્ટ્રીફીકેશન હેઠળ આવરી લેવાશે.

v. યોજનાના મૂળ ઠરાવની જોગવાઇ મુજબ "Plant for captive power generation / co-generation" ને Plant and Machinery તરીકે માન્ય ગણવામાં આવેલ છે. અહીં, અરજીકર્તા એકમને જેટલો પાવર વપરાશ કરે છે તેટલી ક્ષમતાના Captive Power માટે વસાવેલ અસ્કયામતો પર સહાય મળવાપાત્ર રહેશે, તેમજ આ અસ્કયામતો એકમના ઉત્પાદન પ્લાન્ટની જગ્યા(Factory Premise) માં જ સ્થાપિત કરેલી હોવી જોઇશે.

4.3 Project Related Infrastructure –

i. એકમ દ્વારા Building હેઠળ દર્શાવેલ ખર્ચ પૈકી Project Related Infrastructure નો કોઇ ખર્ચ ધ્યાને લેવાયેલ નથી તે સુનિશ્ચિત કરવાનુ રહેશે. તેમજ જરૂર જણાયે આ મુજબના Bifurcation મેળવવાના રહેશે.

ii. Project Related Infrastructure હેઠળ ધ્યાને લેવાયેલ અથવા કમીટી દ્વારા માન્ય રાખવામાં આવેલ અન્ય Infrastructure ના ખર્ચના ૨૦% રકમ જ માન્ય સ્થાયી મૂડીરોકાણ માટે ધ્યાને લેવા પાત્ર ગણાશે.

**6. સરેરાશ ઉત્પાદન ક્ષમતા જાળવવા બાબતે -**

વાણિજ્યિક ઉત્પાદનની તારીખથી પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે મુદ્દા – ૨.૩ (મૂળ ઠરાવ પારા - ૩) માં દર્શાવેલ સમયગાળાની છેલ્લી તારીખથી ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદથી નીચેની શરતો લાગુ પડશે.

i. જે તે વર્ષમાં તે વર્ષની આગળના ત્રણ સળંગ વર્ષોનુ સરેરાશ ઉત્પાદન, એકમની ખરેખર Installed Capacityના ઓછામાં ઓછુ ૫૦% જેટલુ હોવુ જોઇએ.

ii. જે વર્ષમાં આ સરેરાશ ઉત્પાદન ખરેખર Installed Capacityના ૫૦% થી ઓછુ હોય, તેવા કીસ્સામાં એકમને આ વર્ષ માટે મળવાપાત્ર સહાય તે વર્ષમાં ખરેખર મળવાપાત્ર સહાયની રકમ ૫૦% જેટલી ઘટાડવામાં આવશે.

iii. જો કોઇ એકમનુ આ પ્રમાણેનુ આગળના ત્રણ વર્ષોનુ સરેરાશ ઉત્પાદન સળંગ ત્રણ વર્ષ સુધી ખરેખર Installed Capacityના ૫૦% થી ઓછુ રહે, તેવા કીસ્સામાં એકમનુ સરેરાશ ઉત્પાદન જ્યા સુધી ૫૦% જેટલુ ન થાય ત્યા સુધી એકમને સહાય મળવાપાત્ર થશે નહી.

iv. સહય ચૂકવાયેલ ન હોય તેવા વર્ષ પછીના વર્ષમાં એકમ સરેરાશ ઉત્પાદન ૫૦% જેટલુ મેળવી લે, તેવા કીસ્સામાં પણ એકમ સહાય ન ચૂકવાયેલ ગાળા માટે તફાવતની રકમ આપવાપાત્ર રહેશે નહી. તેમજ જેટલા વર્ષ માટે સરકારશ્રીની સહાય ચૂકવણી થયેલ નથી, તેટલા વર્ષનો સમય પાછળથી વધારી આપવામાં આવશે નહી.

(વધુ સમજૂતી માટે ઉદાહરણ – ૫ ધ્યાને લેવુ.)

(માન. ઉદ્યોગ કમિશ્નરશ્રીની મંજૂરીથી)

સંયુક્ત ઉદ્યોગ કમિશ્નર (લાર્જ – પ્રો.)

નોંધ –

માર્ગદર્શિકામાં દર્શાવેલ સ્પષ્ટીકરણની સમજૂતી અર્થે જરૂરી વિગતો પરીશિષ્ટમાં દર્શાવેલ છે.

# પરીશિષ્ટ – ૧

## (શબ્દકોષ)

1. વાણિજ્યિક ઉત્પાદનની તારીખ
   i. નવા એકમ માટે વાણિજ્યિક ઉત્પાદનની તારીખ –
   એકમ દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રોજેક્ટ હેઠળની ઉત્પાદિત આઇટેમના પ્રથમ વેચાણબીલની તારીખને નવા પ્રોજેક્ટ માટે વાણિજ્યિક ઉત્પાદનની તારીખ ગણવામાં આવશે.
   ii. વિસ્તૃતિકરણ અથવા વૈવિધ્યકરણના કીસ્સામાં વાણિજ્યિક ઉત્પાદનની તારીખ –
   વિસ્તૃતિકરણ અથવા વૈવિધ્યકરણના કીસ્સામાં એકમ દ્વારા જે પ્રોજેક્ટ માટે અરજી કરેલ હોય તે પ્રોજેક્ટ હેઠળની મશીનરી દ્વારા ઉત્પાદિત આઇટેમના પ્રથમ વેચાણબીલની તારીખને વાણિજ્યિક ઉત્પાદનની તારીખ ગણવામાં આવશે.
   iii. વાણિજ્યિક ઉત્પાદન તારીખ તરીકે એકમ દ્વારા ઉત્પાદિત પ્રોડક્ટનુ ખરેખરના વાણિજ્યિક હેતુ માટે થયેલ પ્રથમ વેચાણબીલ માન્ય રહેશે. એકમ દ્વારા પ્રોડક્ટના ટેસ્ટીંગ, કેલીબ્રેશન, વિગેરે માટેના વેચાણ બીલ ધ્યાને લેવા પાત્ર રહેશે નહી.

••એકમે જરૂર જણાયે, આ માટે જરૂરી દસ્તાવેજો પુરાવા તરીકે રજૂ કરવાના રહેશે.

# પરીશિષ્ટ – ૨

## (નમૂનારૂપ ઉદાહરણ)

### ઉદાહરણ - ૧

ધારણા – MSME એકમ

તાલુકા કેટેગરી – ૨

થ્રસ્ટ સેક્ટર હેઠળ સહાય ધોરણ – ૧૦%

ઇન્સેન્ટીવ પીરીયડ – ઉત્પાદન તા. થી ૧૨ માસ

FEC ઇસ્યુ – ૧૨માસે

| કુલ મૂડીરોકાણ | ઉત્પાદન તા. સુધીનુ માન્ય મૂડીરોકાણ | PEC મુજબ કુલ સહાય | FEC માટે નુ માન્ય મૂડીરોકાણ | FEC મુજબ કુલ સહાય |
|---|---|---|---|---|
| ૫૦ કરોડ | ૪૦ કરોડ | ૪૦ કરોડ ના ૫૦% = ૨૦ કરોડ ના ૧૦% = ૨ કરોડ | ૪૦ કરોડ | ૪ કરોડ |
| વાર્ષિક મળવાપાત્ર સહાય | - | ૦.૨૦ કરોડ | - | ૦.૪૦ કરોડ |

| વાર્ષિક સહાયની ચુકવણી | | |
|---|---|---|
| ૧લા વર્ષ PEC આધારે ચૂકવેલ રકમ | FEC ઇસ્યુ થતા ફેરગણતરી | બીજા થી દસમા વર્ષ સુધી FEC આધારે |
| ૦.૨૦ કરોડ | ૪ કરોડ – ૦.૨૦ કરોડ = ૩.૮૦ કરોડ<br>બાકી વધેલ વર્ષ – ૯<br>બાકીના વર્ષે મળવાપાત્ર સહાય =<br>(૩.૮૦ / ૯) = ૦.૪૨ કરોડ | ૦.૪૨ કરોડ |

## ઉદાહરણ - ૨

**ધારણા -**

તાલુકા કેટેગરી – ૨

થ્રસ્ટ સેક્ટર હેઠળ સહાય ધોરણ – ૧૦%

ઇન્સેન્ટીવ પીરીયડ - ઉત્પાદન તા. થી ૧૮ માસ

FEC ઇસ્યુ – ૧૮માસે

| કુલ મૂડીરોકાણ | ઉત્પાદન તા. સુધીનુ માન્ય મૂડીરોકાણ | PEC મુજબ કુલ સહાય | FEC માટે નુ માન્ય મૂડીરોકાણ | FEC મુજબ કુલ સહાય |
|---|---|---|---|---|
| ૧૦૦૦ કરોડ | ૫૦૦ કરોડ | ૫૦૦ ના ૫૦% = ૨૫૦ કરોડ ના ૧૦% = ૨૫ કરોડ | ૧૦૦૦ કરોડ | ૧૦૦ કરોડ |
| વાર્ષિક મળવાપાત્ર સહાય | - | ૨.૫ કરોડ | - | ૧૦ કરોડ |

| વાર્ષિક સહાયની ચુકવણી | | | | |
|---|---|---|---|---|
| ૧લા વર્ષ PEC આધારે | બીજા વર્ષે ૬ માસ માટે PEC આધારે | FEC ઇસ્યુ થતા ફેરગણતરી | બીજા વર્ષે બાકીના ૬ માસ માટે FEC આધારે | ત્રીજા થી દસમા વર્ષ સુધી FEC આધારે |
| ૨.૫ કરોડ | ૧.૨૫ કરોડ | ૧૦૦ કરોડ – ૩.૭૫ કરોડ = ૯૬.૨૫ કરોડ<br>બાકી વધેલ વર્ષ – ૮.૫ (૧૦૨ માસ)<br>વાર્ષિક મળવાપાત્ર સહાય =<br>(૯૬.૨૫ / ૧૦૨) • ૧૨ = ૧૧.૩૨ કરોડ | ((૯૬.૨૫/ ૧૦૨)•૬)<br>=<br>૫.૬૬ કરોડ | ૧૧.૩૨ કરોડ |

## ઉદાહરણ - ૩

ધારણા –

તાલુકા કેટેગરી – ૨

થ્રસ્ટ સેક્ટર હેઠળ સહાય ધોરણ – ૧૦%

ઇન્સેન્ટીવ પીરીયડ – ઉત્પાદન તા. થી ૨૪ માસ

FEC ઇસ્યુ – ૨૪માસે

| કુલ મૂડીરોકાણ | ઉત્પાદન તા. સુધીનુ માન્ય મૂડીરોકાણ | PEC મુજબ કુલ સહાય | FEC માટે નુ માન્ય મૂડીરોકાણ | FEC મુજબ કુલ સહાય |
|---|---|---|---|---|
| ૪૫૦૦ કરોડ | ૨૫૦૦ કરોડ | ૨૫૦૦ ના ૫૦% = ૧૨૫૦ કરોડ ના ૧૦% = ૧૨૫ કરોડ | ૪૨૦૦ કરોડ | ૪૨૦ કરોડ |
| વાર્ષિક મળવાપાત્ર સહાય | - | ૧૨.૫ કરોડ | - | ૪૦ કરોડ |

**વાર્ષિક સહાયની મહત્તમ મર્યાદા – ૪૦ કરોડ

| વાર્ષિક સહાયની ચુકવણી | | | | |
|---|---|---|---|---|
| ૧લા વર્ષ PEC આધારે | બીજા વર્ષે PEC આધારે | FEC ઇસ્યુ થતા ફેરગણતરી | ત્રીજા થી ૧૧મા વર્ષ સુધી FEC આધારે | ૧૨ મા વર્ષે |
| ૧૨.૫ કરોડ | ૧૨.૫ કરોડ | ૪૨૦ કરોડ – ૨૫ કરોડ = ૩૯૫ કરોડ બાકીની મળવાપાત્ર સહાય = (૩૯૫ / ૪૦) = ૯.૮૭ વર્ષ બાકીની સહાય પછીના ૧૦ વર્ષમાં ચૂકવવા પાત્ર થશે | ૪૦ કરોડ (૯ વર્ષ સુધી કુલ – ૩૬૦ કરોડ) | ૩૫ કરોડ |

SSIC

ઉદાહરણ - ૪

ધારણા -

તાલુકા કેટેગરી – ૨

થ્રસ્ટ સેક્ટર હેઠળ સહાય ધોરણ – ૧૦%

ઇન્સેન્ટીવ પીરીયડ – ઉત્પાદન તા. થી ૩૬ માસ

FEC ઇસ્યુ – ૩૬ માસે

| કુલ મૂડીરોકાણ | ઉત્પાદન તા. સુધીનુ માન્ય મૂડીરોકાણ | PEC મુજબ કુલ સહાય | FEC માટે નુ માન્ય મૂડીરોકાણ | FEC મુજબ કુલ સહાય |
|---|---|---|---|---|
| ૨૫,૦૦૦ કરોડ | ૧૬,૦૦૦ કરોડ | ૧૬૦૦૦ ના ૫૦% = ૮૦૦૦ કરોડ ના ૧૦% = ૮૦૦ કરોડ | ૨૪,૦૦૦ કરોડ | ૨૪૦૦ કરોડ |
| વાર્ષિક મળવાપાત્ર સ[illegible]ય | - | (૮૦૦ કરોડ / ૨૦ વર્ષ)* = ૪૦ કરોડ | - | (૨૪૦૦ કરોડ / ૨૦ વર્ષ)** = ૧૨૦ કરોડ |

* ૧૦ વર્ષના ગાળામાં ૪૦ કરોડની વાર્ષિક મર્યાદામાં સંપૂર્ણ સહાય ન ચૂકવી શકાય તો ૨૦ વર્ષમાં સમાન હપ્તામાં સહાય ચૂકવવાની રહેશે (મૂળ ઠરાવ પારા – ૫.૨)

** ૨૦ વર્ષમાં ૪૦ કરોડની વાર્ષિક મર્યાદામાં પૂર્ણ સહાય ચૂકવી શકાય તેમ ન હોય તેવા કીસ્સામાં ૪૦ કરોડની વાર્ષિક મર્યાદા ધ્યાને લેવાની રહેશે નહી. તેમજ પૂર્ણ સહાય ૨૦ વર્ષના સમાન હપ્તામાં ચૂકવવાની રહેશે.

| વાર્ષિક સહાયની ચુકવણી | | |
|---|---|---|
| ૧લા વર્ષ થી ૪થા વર્ષ સુધી PEC આધારે | FEC ઇસ્યુ થતા ફેરગણતરી | પાંચમા વર્ષથી વીસમા વર્ષ સુધી FEC આધારે |
| ૪૦ કરોડ | ૨૪૦૦ – ૧૬૦ કરોડ = ૨૨૪૦ કરોડ<br>બાકી વધેલ વર્ષ – ૧૬<br>બાકીના વર્ષે મળવાપાત્ર સહાય =<br>(૨૨૪૦ / ૧૬) = ૧૪૦ કરોડ | ૧૪૦ કરોડ |

ઉદાહરણ - ૫ – સરેરાશ ઉત્પાદન જાળવવાની શરત સંદર્ભે

ધારણા –

એકમની ઉત્પાદન શક્તિ (Installed Capacity) –

૧૦૦ મે.ટન પ્રતિ વર્ષ

૫૦% = ૫૦ મે. ટન

એકમનુ માન્ય મૂડીરોકાણ – રૂ. ૧૦૦ કરોડ

ઉત્પાદન તા.થી મળવાપાત્ર કુલ સહાય – રૂ. ૧૦ કરોડ

વાર્ષિક સહાય – રૂ. ૧ કરોડ

ઉત્પાદન તા. – ૦૧/૦૧/૨૦૨૧

પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો મહત્તમ સમય – ૩૦/૦૬/૨૦૨૨ સુધી

| વર્ષ | ખરેખર ઉત્પાદન | છેલ્લા ૩ વર્ષનુ સરેરાશ ઉત્પાદન | સરેરાશ ઉત્પાદન, ઉત્પાદન શક્તિના ૫૦%થી ઓછુ છે કે કેમ ? | મળવાપાત્ર સહાય | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૨૦૨૧ | ૩૦ | - | - | રૂ. ૧ કરોડ | |
| ૨૦૨૨ | ૪૦ | - | - | રૂ. ૧ કરોડ | |
| ૨૦૨૩ | ૪૦ | - | - | રૂ. ૧ કરોડ | |
| ૨૦૨૪ | ૪૦ | - | - | રૂ. ૧ કરોડ | |
| ૨૦૨૫ | ૪૫ | (૧૨૦ / ૩ = ) ૪૦.૦૦ | હા | રૂ. ૫૦ લાખ | મૂડીરોકાણ માટેના માન્ય સમયગાળાની છેલ્લી તારીખથી ૩ વર્ષ બાદ ચકાસણી કરવી |
| ૨૦૨૬ | ૪૭ | (૧૨૫ / ૩ = ) ૪૧.૬૭ | હા | રૂ. ૫૦ લાખ | |
| ૨૦૨૭ | ૪૫ | (૧૩૨ / ૩ = ) ૪૪.૦૦ | હા | રૂ. ૫૦ લાખ | |
| ૨૦૨૮ | ૪૮ | (૧૩૭ / ૩ = ) ૪૫.૬૭ | હા | ૦ | સળંગ ત્રણ વર્ષ સરેરાશ ઉત્પાદન ૫૦%થી ઓછુ હોઇ સહાય મળવાપાત્ર નથી |
| ૨૦૨૯ | ૫૮ | (૧૪૦ / ૩ = ) ૪૬.૬૭ | હા | ૦ | |
| ૨૦૩૦ | ૬૦ | (૧૫૧ / ૩ = ) ૫૦.૩૩ | ના | રૂ. ૧ કરોડ | ૫૦% સરેરાશ ઉત્પાદન હાંસલ થતા સહાય પૂનઃ શરૂ. |